# પાનખરનું પાન

--જય ગજ્જર (કેનેડા)

શીયાળાની એ સવારે કડકડતી ઠંડી હતી. રોજ કરતાં વળી ઘણી વધારે ઠંડી હતી. ફુટપાથ પર સુતેલા ગરીબો ટુંટીયું વળીને કાંપતા હતા. પોળનાં કુતરાં જોર જોરથી ભસતાં હતાં.

મોડે સુધી પથારીમાં પડ્યા રહેવાવાળા કેટલાક ઉંઘ બગડ્યાની ફરીયાદ કરતા હતા. પણ સાંભળનાર જ કોણ હતું?

કેટલાક રજાઈમાં છુપાઈ ગરમાવો લઈ રહ્યાં હતાં. કેટલાક બાજુમાં સુતેલી પત્નીને સોડમાં લઈ રહ્યા હતા.

પલંગમાં સુતેલા એ ડોસાએ જોરમાં ખાંસી ખાધી. એથી ડોસી સફાળી બેઠી થઈ ગઈ. કેટલાક દીવસથી એની ઉંઘ ઉડી ગઈ હતી. ડોસા બહુ બીમાર હતા. દવાઓ કરીને એ થાકી ગઈ હતી. દીકરો બાપનું ખેતર વેચી કોઈને લાખો રુપીયા આપી અમેરીકા પહોંચી ગયો હતો. પણ બે-ચાર દહાડે પાડોશમાં ફોન કરી બાપની તબીયતના સમાચાર જરુર પુછતો.

'પાનખરનું પાન છે !ક્યારે ખરી પડે કંઈ કહેવાય નહીં.' પાડોશી શંકરભાઈ જવાબ આપતા.

મા પણ ભારે હૈયે એમાં સુર પુરાવતી.

દીકરાને મા માટે બહુ લાગણી હતી. બા-બાપુજી વચ્ચે ઉંમરમાં ચૌદ વરસનો ફરક હતો. એટલે બાપુ માટે મા દોડાદોડી કરી શકતી. પાછી હીંમતવાળી હતી. એણે દીકરાને જીદ કરી કૉલેજમાં મોકલ્યો હતો.

'ભઈલા, ભણીશ તો કંઈક બનીશ. નહીં ભણે તો દીવો પકડવાનો દી' આવશે. આજકાલ તો ભણતરની જ કીમત છે!'

માના શબ્દો દીકરા વીજયને ગળે ઉતરી ગયા. બી.એસસી. થઈ કમ્પ્યુટરનો ડીપ્લોમા કર્યો. પણ સારી નોકરી તો ન જ મળી એટલે માને તેણે અમેરીકાની વાત કરી.

માને દીકરા પર બહુ જ વહાલ. દીકરાના ભાવીમાં પણ બહુ શ્રદ્ધા. ગામને પાદર દસબાર વીંઘા જમીન હતી. નવું પાટનગર બાજુમાં જ થતાં જમીનના ભાવ આસમાને ચડવા લાગ્યા હતા. દીકરાએ માને ઉજળા ભાવીનાં સ્વપ્નો દેખાડ્યાં. પુત્રઘેલી મા ભોળવાઈ ગઈ.

'કશું જ વેચવાનું નથી...બાપદાદાની જમીન હશે તો ઘડપણમાં લાકડી બની રહેશે... દીકરો અમેરીકા જતો રહેશે તો કદી આપણી સામેય નહીં જુએ. ભીખ માગવાના દીવસો આવશે તો શું કરશો?'

'એમ આડા ન ફાટો. મારો દીકરો એમ આપણને એવા દહાડા દેખાડે એવો નથી. પંડના દીકરાને હું ઓળખું ને ! જોજોને એક દીવસ તમને પણ અમેરીકા દેખાડશે!' માના શબ્દોમાં શ્રદ્ધાનો સુર હતો.

ડોસા અમેરીકાનાં સપનાં સેવતા થઈ ગયા અને દલીલો કરતા બંધ થઈ ગયા.

ખાંસી ખાઈ બેઠા થતાં પતીને કહ્યું, 'તમે પોઢી ગયા પછી વીજયનો ફોન હતો. તમને બહુ યાદ કરતો હતો. ડૉક્ટર કે દવાના ખર્ચ સામે ન જોશો એવી સલાહ આપતો હતો. પૈસા મોકલવાની વાત કરતો હતો.'

ડોસા ખંધું હસ્યા. ત્યાં બહાર કુતરાંનો ભસવાનો અવાજ વધી ગયો હતો.

'મુઆં, શીયાળાની કડકડતી ટાઢમાંયે જંપતાં નથી!'

'તમે ક્યાં જંપો છો કે એ જંપે!' ડોસીએ ટોણો માર્યો.

ડોસા ગમ ખાઈ ગયા. એક હરફેય ન ઉચ્ચાર્યો. ચાદર ખેંચી, મોઢું છુપાવી, પડખું ફેરવ્યું અને પોઢી ગયા. નસકોરાંનો અવાજ વધતો જતો હતો. જાણે ધમણ ઉપડી!

ડોસીની ઉંઘ ઉડી ગઈ હતી. એ બેઠી થઈ. દાતણ લઈ અરીસાની સામે ઉભી. મલકાઈ.

'હજી ક્યાં ડોસી લાગું છું?' હાથના ઉલાળાથી સીંક પરનું ટમ્બલર પડી ગયું. પાણી ઢળી ગયું. ડોસાએ પાછું પડખું ફેરવ્યું. ઉંઘમાં ચાદર સરકી ગઈ. મોઢા પરની કરચલીઓ ચાડી ખાવા લાગી. ફરી ખાંસી ચાલુ થઈ. બહાર કુતરાંઓનું ભસવાનું પણ ફરીથી વધી ગયું.

ડોસીને ફાળ પડી. શંકરભાઈના શબ્દો યાદ આવ્યા.

'કોઈનું મોત થવાનું હોય તો કુતરાં બહુ રડે. એ જમડા ભાળે. સુનકાર મટાડે અને લોકને જગાડે.'

'પાણી...પાણી...' ડોસાના શબ્દો હવામાં અફળાતાં ડોસી દોડી જાય છે. ગરમ પાણીની ડોલ જમણા પગને અથડાતાં ઢળી પડ્યાં અને પાણી બધું ઢોળાઈ ગયું. એની ફીકર કર્યા વીના પાણીયારાની માટલીમાંથી લોટો ભરી પતી સામે દોડી જાય છે.

'લો, પાણી.'

'મેં વળી ક્યારે પાણી માંગ્યું?'

ડોસા અકળાઈને બબડ્યા. ડોસીને પણ ગુસ્સો આવી જાય છે. પણ તેણે છેલ્લા કેટલાક સમયથી ગુસ્સા પર કાબુ મેળવ્યો હતો. આમ તો એ બહુ જ ગુસ્સાવાળી. વાતવાતમાં તપી જાય. ડોસા સામે ગુસ્સે થતી. દલીલબાજી અને એવી ચણભણ થતી રહેતી. ક્યારેક દીવસો સુધીના અબોલાય થતા.

'હવે ઉંમર થઈ. આપણે નાના કીકાં નથી. આવું બધું આપણને ન શોભે.' એક દીવસ શાંત મને, ડોસીનો હાથ પોતાના હાથમાં લઈ, ડોસાએ કહ્યું.

કોણ જાણે કેમ ડોસીના ગળે એ વાત ઉતરી ગઈ. 'પાનખરના પાન' શબ્દો યાદ આવતાં મનમાં થયું, 'એ ક્યાં હવે જીવ્યા એટલું જીવવાના છે! મરણપથારીએ છે તો સુખેથી મરે એ જોવાની મારી ફરજ છે.'

ફરજનું ભાન આમ અવારનવાર થતું; ક્યારેક ડોસા પણ ફરજનું ભાન કરાવતા.

'હેં, તે તમે મારી પાછળ બધી ક્રીયાઓ તો કરવાનાં જ ને?'

'એવાં શું ગાંડાવેડા કાઢો છો? હજી તો ઘણું જીવવાના છો. ન કરે નારાયણ ને હું તમારા પહેલાં જાઉં એવું પણ બને !'

'આ ખખડી ગયેલી કાયા જુઓ અને તમારું ઘાટીલું શરીર જુઓ. પાનખરનું પાન તો હું છું. પણ એક વાત પુછું?'

'પુછો ને...એમાં મારી રજા લેવાની ન હોય!

'તમને કદી એવું તો નથી થયું ને કે આ ચૌદ-પંદર વરસ મોટાને ક્યાંથી પરણી?'

'એમાં કોઈનો વાંક નથી. મારા નસીબે તમે લખાયા હો પછી કંઈ લખ્યા લેખ મેખ થાય? આપણે એકંદરે બહુ સારી જીંદગી સાથે જીવ્યાં. ભવોભવ તમે જ મળો એવું હું તો ઝંખું છું.'

'તમારા મુખે આ શબ્દો સાંભળી હું ધન્ય થયો...વીજયની મા, વીજય આપી તમે મારા જીવનને ધન્ય બનાવ્યું છે.'

ડોસીને આ શબ્દો યાદ આવતા ત્યારે પતીની સોડમાં ફરી એક વાર છુપાઈ જવાનું મન થતું.

પણ હવે તો એ કલ્પના માત્રથી ધ્રુજારી છુટતી.

એકાએક ડોસીની નજર સામેના કપડાંના કબાટ પરના અરીસા પર પડી.

ગાલ પર ચાર-પાંચ કરચલીઓ દેખાતાં એ બબડી,'મેળ મુઈ ! આશું ગાંડપણ આદર્યું છે? ડોસી થઈ હવે...મુક એવા બધા વીચારો...'

ડોસાએ બુમ પાડી.'આજ કોફીમાં ખાંડ બહુ ન પડી જાય એની કાળજી રાખજો...'

પાનખરનું પાન હાલી ઉઠ્યું. ડોસીના પગમાં જોર આવ્યું. બહારથી રબારીનો અવાજ આવ્યો, 'દુ...ધ, દુધવાળો, માજી ! દુધવાળો..'

ડોસી મનોમન પાછી બબડી, 'હું ક્યાં માજી છું? હજી હમણાં તો પંચાવન પુરાં થયાં ..હેં ભઈલા, હું તને માજી લાગું છું?'

સવાલ ગોખતી દુધ લેવા કટોરો લઈ દરવાજે ગઈ. પણ રબારીને એ કંઈ પુછી શકી નહીં. રબારી ટગર ટગર એની સામે જોઈ રહ્યો હતો. મનોમન બબડી : 'આ મુઓ, આમ શું ટગર ટગર મારી સામે જોઈ રહ્યો છે?'

દુધ તો કટોરાને બદલે બહાર ઢળ્યે જતું હતું અને એનું એને ભાન જ નહોતું...

ડોસીની જીભ પણ જાણે સીવાઈ ગઈ.

ડોસાની ખાંસી અટકી ગઈ. મોઢા પર જાણે યુવાનીનું તેજ પ્રસરી રહ્યું.

અંદર ડોસાની ખાંસીને બદલે મુખ પરના મલકાટનું તેજ વધી રહ્યું હતું.

પોળમાં કુતરાંનું ભસવાનું અટકી ગયું.

'જરા પાસે આવશો?'

ડોસી પાસે દોડી ગઈ. ડોસાએ બે હાથ પકડી પુછી નાખ્યું, 'હેં, વીજયની મા, ખરેખર, તમને કોઈ વાતનો પસ્તાવો નથી?'

ડોસી શરમાઈ ગઈ. ડોસાની સોડમાં સમાઈ જવા અધીરી બની.

ધીરે ધીરે ઉગતાં સુર્યનું અજવાળું અંધકારને આટોપી રહ્યું હતું. ડોસીમાં જાણે યુવાનીનું જોર ધબકી રહ્યું હતું. --જય ગજ્જર (કેનેડા) સંપર્ક : gajjar@mail.com

શ્રી. જય ગજ્જર



## સર્જક-પરીચય

શીક્ષકમાંથી લેખક અને લેખકમાંથી સફળ વેપારી થયેલા ભાઈ **જય ગજ્જર** હવે પુરા સમયના લેખક છે. લેખક એટલે જે લખે તે. જય ગજ્જર હમેશાં લખે છે. ગુજરાતના, અમેરીકાના કે પછી યુનાઈટેડ કીંગડમનાં કોઈપણ સામયીક જુઓ, તો ઠાવકા મોઢાવાળો તેમનો ફોટો અને સાથે સાથે તેમનો લેખ છપાયો હોય. આમ જુઓ તો ગજ્જર સાહેબ આ જીવનમાં ઘણા પાઠ ભજવે છે. કેનેડામાં

વરસોથી રહે છે. એમની સમાજસેવાઓ ગુજરાતી સમાજે તેમ જ કેનેડાની સરકારે બીરદાવી છે. તેમને કેનેડાની સરકારે , ભારતના "પદ્મશ્રી" અવોર્ડ બરાબરીના **'ઓર્ડર ઓફ કેનેડા'** નામક કેનેડીયન એવોર્ડથી નવાજ્યા છે. એમનાં લખાણ માટે કહી શકાય કે એમની ભાષાનાં મુળ ગુજરાતમાં છે . પરીણામે એમનાં લખાણોમાં એમની શુદ્ધ ભાષા સાથે પરદેશના જીવનના અનુભવો ઉમેરાતાં, ગુજરાતી સંસ્કાર ગુમાવ્યા વીના એક અનોખું ડાયસ્પોરીક સાહીત્ય સર્જાય છે. એમણે- ઘણાં પુસ્તકો આપ્યાં છે , તેમાં સાત નવલકથાઓ અને ત્રણસો જેટલી તો વાર્તાઓ છે. આજે ઈન્ટરનેટની બલીહારીથી જય ગજ્જરના ચાહકો પાંચે ખંડમાં પથરાયલા છે. કોને ખબર ઉત્તર ધ્રુવ પર કોઈ એસ્કીમો પણ એમને વાંચતો હોય..ઈચ્છીએ કે ભાઈ જય ગજ્જર પાસેથી હજી પણ સ્વાનુભવે રસાયેલું સત્વશીલ સાહીત્ય મળતું રહે.... **સંપાદક : --હરનીશ જાની** (ન્યુ જર્સી, અમેરીકા)harnish5@yahoo.com અને **ઉત્તમ ગજ્જર** (સુરત)uttamgajjar@hotmail.com

*હવે માણીએ મહેન્દ્રભાઈનું કાર્ટુન...*




મહેન્દ્રભાઈનો ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com
web site : [www.ameamericanamdavadi.com](http://www.ameamericanamdavadi.com)

..HAPPY CHRISTMAS TO ALL OUR READERS..
from
--SeM TEAM--

'ન્યુટનના ગુરુત્વાકર્ષણના નીયમ પર હોય તેનાથી થોડીક વધારે શ્રદ્ધા માણસને **ઈસુ**ના પ્રેમના નીયમ પર હોવી જોઈએ. ઈસુએ કહ્યું : *'તું તારી જાતને કરે તેટલો પ્રેમ તારા પાડોશીને કરજે.'* સમાજમાં જ્યાં જ્યાં નજર કરીએ ત્યાં ત્યાં પ્રેમના નીયમો તુટતા જણાય છે....

'માત્ર ગાય જ નહીં; ગધેડો પણ પવીત્ર છે. પ્રત્યેક જીવ ભગવાનની ટપાલ લઈને આપણને મળવા આવે છે, એવો ભાવ કેળવવો એ જ ખરી પ્રાર્થના ! **...ગુણવંત શાહ**

લેખકના નવા પુસ્તક **'ભગવાનની ટપાલ'** (*સહજ અનુભુતીના અણસારા* : પ્રકાશક- આર.આર.શેઠની કંપની, ખાનપુર, અમદાવાદ-૧ :પાન-૧૦૮, મુલ્ય-રુપીયા ૭૦)ની પ્રસ્તાવનામાંથી..